આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૬૨ | ૨૨ ઓગષ્ટ ૨૦૧૨, બુધવાર, અધિક ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જો શક્ય હોય તો ગરીબ માનવીને હાથ ફેલાવવાની શરમથી બચાવો અને ગુપ્તદાન કરો
- કાઇકરટ

# પાટનગરમાં પાણીનો પ્રશ્ન રાજકીય રંગે રંગાયો

## પાણી વિતરણની જવાબદારી લેવા મનપાના ઇન્કાર બાદ સામસામે આક્ષેપબાજી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં નવરચિત મહાનગરપાલિકાને પાણી પુરવઠાની સેવાઓ સોંપવાના સરકારના આદેશને પગલે હવે આ મુદ્દો રાજકીય રંગ પકડી રહ્યો છે. આજે શહેરના સે. ૨૫માં પાણીના મુદ્દે કોંગ્રેસ પક્ષે ભાજપના કાઉન્સીલર શ્રી સુરેશ મહેતાના નિવાસસ્થાને જઈ મહિલા કાર્યકરોએ માટલા ફોડ્યા હતા.

બીજી તરફ ભારતીય જનતા પક્ષના કાઉન્સીલરોએ આ પગલાંને કોંગ્રેસની હતાશા ગણાવી અને ગાંધીનગર લૂંટવાના અભિયાનમાં તેમની પીછેહઠ થઈ રહ્યાની લાગણીનુ પ્રદર્શન કર્યુ છે તેમ જણાવ્યુ છે.

વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલે કોંગ્રેસના પરાજીત ઉમેદવાર અંકિત બારોટના નેતૃત્વમાં મહિલા કાર્યકરોએ કરેલા દેખાવોને હતાશા લેખાવી જણાવ્યું છે કે કોર્પોરેશનમાં કોંગ્રેસ સત્તા પર છે સરકાર સત્તા આપે છે તો મોં છુપાવવાની વાતો કેમ કરે છે ? એજન્ડામાંનો મુદ્દો મુલ્તવી રાખી પ્રજા સાથે છેતરપીંડી કરવાનું કોંગ્રેસ છોડે એ જરૂરી છે.

ભાજપના કાઉન્સીલરોએ કોંગ્રેસ પક્ષ સામે આકરા પ્રહારો કરતાં જણાવ્યું છે કે સફાઈની કામગીરી પણ પુરી ક્ષમતા સાથે સંભાળવામાં નિષ્ફળ સત્તાધીશો સફાઈ ચાર્જ અને મિલ્કત વેરો ઉઘરાવે છે પણ પાણીના પ્રશ્ને હજુ સુધી કોઈ રચનાત્મક સૂચનો કે ચર્ચા કરવાનુ કેમ ટાળી રહ્યા છે.

કોર્પોરેશનની તમામ બેઠકોમાં વેરા વસુલી અને પગારભથ્થા સિવાયના કોઈ મુદ્દાઓ પર ચર્ચા કરી જ નથી. તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસપક્ષ તેની અણઘડતા વહીવટીક્ષેત્રે છતી ના થાય તે માટે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે.

દરમ્યાન સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે પણ આજે એક નિવેદનમાં શહેરમાં વિતરણ થતા ડહોળા પાણીનો મુદ્દો ઉછાળી તેના ક્લોરીનેશન વિશેની વિગતો રજુ કરવા માંગ કરી છે.

શ્રી પટેલે સામાન્ય સભામાં પણ પુરા ફોર્સથી પાણી આપવામાં સરકાર નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

શહેરમાં પાણી વિતરણની સમસ્યા આગામી દિવસોમાં સત્તાવાળાઓ માટે શિરદર્દ બનીને ઉભરશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આજે ગાંધીનગર શહેરમાં પાણીના મુદ્દે પહેલીવાર ભાજપ અને કોંગ્રેસ આમને-સામને આવી ગયા છે બન્ને પક્ષો હવે આ મુદ્દે શેરીયુદ્ધને વધુ ઉગ્ર બનાવવાની વ્યુહરચના તૈયાર કરવામાં મશગુલ બની ગયાનું પણ પાટનગરના રાજકીય વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.





# સેક્ટર-૨૫માં મહીલાઓએ કોર્પોરેટરના ઘર પાસે માટલા ફોડ્યા

## વોર્ડ નં. ૫ માં પાણીના મામલે બેડાયુદ્ધની સ્થિતિ : સ્થાનિક રહીશો ઉગ્ર લડત આપશે

ગાંધીનગર, તા. ૨૧

સે. ૨૪ અને ૨૫માં પાણીના પ્રશ્ને બેડાયુદ્ધની સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં વોર્ડ નં. ૫ ના ભાજપના કોર્પોરેટર દ્વારા સ્થાનિક રહીશોને પાણીના મામલે ગુમરાહ કરાતા જનઆક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સેક્ટરની મહિલાઓએ આજે કોર્પોરેટરના ઘરની બહાર માટલા ફોડી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

વોર્ડ નં. ૫ માં સે. ૨૪, ૨૫ વિસ્તારમાં પાણીની સમસ્યા જટીલ બનતા સ્થાનિક રહીસોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. આ મામલે અનેકવાર તંત્રના દ્વારે દસ્તક દીધા બાદ પણ પાણીની પોકાર શાંત પડી નથી. બીજી તરફ ભાજપના કોર્પોરેટર દ્વારા પાણીના પ્રશ્ને રહીશોને ગુમરાહ કરી ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા હોવાનો આક્રોશ ઉદ્ભવ્યો છે. એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી અંકિત બારોટે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર પાણીના પ્રશ્ન માટે સરકારી તંત્ર જવાબદાર હોવા છતા સ્થાનિક કોર્પોરેટર સુરેશ મહેતા દ્વારા કોર્પોરેશન પર દોષનો ટોપલો ઢોળવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ સ્થિતિથી ત્રસ્ત સેક્ટરની મહિલાઓએ આજે કોર્પોરેટરના ઘરની બહાર માટલા ફોડી આક્રોશ વ્યકત કર્યો હતો. જવાબદારીમાંથી છટકતા કોર્પોરેટરની હરકતથી ત્રસ્ત રહીશો પાણીના મામલે હવે લડાયક મૂડમાં હોવાનુ પણ જણાવ્યું છે. વોર્ડ નં. ૫ ના આગેવાનો ચેતનસિંહ વિહોલ, જોરૂભાઈ ચાવડા તેમજ રાગિણીબેન બ્રહ્મભટ્ટે પાણીની સમસ્યા ટૂંકમાં હલ નહી થાય તો આમરણાંત ઉપવાસ સહિત ઉગ્ર કાર્યક્રમો થકી લડત અપાશે.



(તસવીર : દિપક જાની)

ફૂલના હિંડોળા - પાવન પુરુષોત્તમ માસ નિમિત્તે શ્રીનાથજીની હવેલી, સેક્ટર-૨૧ ખાતે ફૂલના હિંડોળાનો મનોરથ યોજાયો હતો. સુંદર મજાના ફૂલોથી ભગવાન લાલજીના ઝુલાને નયનરમ્ય બનાવી શ્રીજીની હવેલીમાં અધિક માસ દરમિયાન દરરોજ સાંજે વિવિધ આકર્ષક મનોરથ યોજાશે

# વણથંભી વિકાસ યાત્રામાં જોડાનાર આચાર્ય અને શિક્ષકો સામે શિક્ષાત્મક પગલાં ભરો

## જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેને શિક્ષણાધિકારીને પત્ર લખી સૂચનાઓ આપી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં ૨૩મીથી શરૂ થઈ રહેલ વણથંભી વિકાસ યાત્રામાં શિક્ષકો અને આચાર્યોને દૂર રહેવાની હિમાયત સાથે આમાં સામેલ થનાર શિક્ષકો - આચાર્યો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચના પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહ રાઠોડે આજે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને આપી છે.

શ્રી ગાંભુસિંહ રાઠોડે પ્રાથમિક શિક્ષણાધિકારીને પાઠવેલા એક પત્રમાં જણાવ્યું છે કે, વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં હોઈ આ કાર્યક્રમ સંપૂર્ણ રાજકીય ઈરાદાઓથી ભરપૂર હોઈ શિક્ષકો - આચાર્યો આ યાત્રાથી દૂર રહે તે જરૂરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અછતની સ્થિતિને પહોંચી વળવા સરકાર નિષ્ઠાપૂર્વક કામ કરી રહી છે : ફળદુ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં અછતની પરિસ્થિતિમાં લોકોને પુરતું પીવાનું પાણી મળી રહે, સિંચાઈ માટે પાણી મળી રહે તે માટે રાજ્ય સરકાર નિષ્ઠાથી કામ કરી રહી છે એમ પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું હતું.

અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે રાજ્યમાં આ વર્ષે ઓછો વરસાદ થતાં કેટલાક તાલુકાઓમાં અછતની સ્થિતિ ઉભી થવા પામી છે. અછતગ્રસ્ત વિસ્તારોમાં લોકોને ખેડૂતોને ઓછી મુશ્કેલી પડે અને પૂરતા પ્રમાણમાં પીવા માટે સિંચાઈ માટે પાણી પુરૂ પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે.

પશુઓને ઘાસચારો પૂરો પાડવા પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર નિષ્ઠાપૂર્વક કામ કરી રહી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી મંત્રીઓની કમિટી પણ અછતની પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી રહી છે. અને પીવાના પાણી સીંચાઈના પાણી પુરા પાડવા માટેનું આયોજન ઘડી રહી છે.

કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલી ઘરના ઘરની યોજના અંગેની પ્રતિક્રિયા આપતાં તેમણે જણાવ્યું હતું કે આ બધી વાહિયાત યોજનાઓ છે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ દ્વારા આગામી ૨૪મીથી રાજ્યના શહેરી વિસ્તારોમાં યાત્રા કાઢવામાં આવશે. આ યાત્રા દરમ્યાન કોંગ્રેસના જુઠ્ઠાણાઓનો પર્દાફાશ કરવામાં આવશે. તેમજ કેન્દ્રની યુ.પી.એ. સરકારના કોભાંડોનો ઉજાગર કરવામાં આવશે.

# વણથંભી વિકાસયાત્રાની ફળશ્રુતી અંગે કેબીનેટ બેઠકમાં સમીક્ષા કરાશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વણથંભી વિકાસયાત્રા અને ગરીબ કલ્યાણ મેળાની ફળશ્રુતી અંગે આવતીકાલે મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા ગત ૧૬મી ઓગષ્ટથી રાજ્યના તમામ જિલ્લાઓમાં વણથંભી વિકાસયાત્રા અને ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

આ વણથંભી વિકાસયાત્રા દરમ્યાન જિલ્લાઓમાં કયા કયા વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું, ઉદ્ઘાટન કરવામાં આવ્યા કે ખાતમુહૂર્ત કરવામાં આવ્યા અને આ કાર્યક્રમોને સ્થાનિક પ્રજાજનોમાંથી કેવો આવકાર મળ્યો અને સફળતા મળી તે અંગેની વિગતો મંત્રીઓ પાસેથી આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં મેળવીને સમીક્ષા કરવામાં આવશે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્ટેમ્બરના પ્રથમ અથવા બીજા સપ્તાહમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર થવાની સક્યતાને ધ્યાને રાખીને ચૂંટણી આચારસંહિતા અમલી બને તે પહેલા રાજ્યમાં વધુ એક યાત્રા કાઢવા માટેનો કાર્યક્રમ પણ રાજ્ય સરકાર દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં રાજ્યમાં અછત અંગે પણ સમીક્ષા કરીને કેટલાક મહત્વના નિર્ણય લઈને જાહેર કરવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ
કામધેનુ સ્ટીલ
ભરોસાપાત્ર
T.M.T. સ્ટીલ
અહી સામાન્ય સ્ટીલ વપરાયેલું છે
અહી કામધેનુ સ્ટીલ વપરાયેલું છે
અલ્ટ્રાટેક
સેલ્સ પ્રમોટર્સ
કૈલાસ ટ્રેડર્સ
લોદરાવાળા
Steel Tiger
૯૩૩/૨, સેક્ટર-૩/ડી, ગાંધીનગર.
ફોન : ૯૮૨૪૨ ૬૧૨૨૫, ૨૩૨૨૩૮૦૧, ૯૯૦૯૮ ૭૩૨૦૦

GREEN LEAF
FINE DINE RESTAURANT & CAFE
પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો
ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો
ચાઈનીઝી, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું
શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ
સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી
ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે
સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર
www.greenleafrestaurant.in
ફોન : ૯૨૨૮૦૦૧૮૯૬, ૯૫૫૮૨૮૦૫૭
પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો